# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

**''પંડિત દીનદયાળ ભવન'', સત્યનગરની સામે, ઉધના, સુરત–૩૯૪૨૧૦.**

પ્રતિ, તા. ૨૫/૦૩/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

હાલમાં જ યોજાયેલી ઉત્તરપ્રદેશ સહિત પાંચેય રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય સફળતા અપાવ્યા બાદ પ્રથમ વખત ગુજરાત ખાતે પધારી રહેલા ગુજરાતના સપુત અને આદરણીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહનું અમદાવાદ ખાતે ભવ્યાતિભવ્ય સ્વાગત કરવાનું આયોજન ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યામાં જોડાશે. જે અંગે આજ રોજ પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારની અધ્યક્ષતામાં ''પંડિત દીનદયાળ ભવન'' ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, ઉધના ખાતે દક્ષિણ ગુજરાતના તમામ જીલ્લાના પ્રમખશ્રી, મહામંત્રીશ્રી, ધારાસભ્યશ્રી, સાંસદશ્રી સાથેની એક અગત્યની બેઠક યોજાઈ હતી.

આગામી તા. ૨૯ મી માર્ચના રોજ આદરણીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ અમદાવાદ ખાતે પધારી રહ્યા છે. તેમની અધ્યક્ષતામાં બપોરે ૩:૦૦ કલાકે અમદાવાદ સાબરમતી રીવરફ્રન્ટ ખાતે ''વિજય વિશ્વાસ કાર્યકર્તા સંમેલન''નું આયોજન કરવામાં આવ્યું છે. માન. પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણીના માર્ગદર્શનમાં ગુજરાત ભા.જ.પા.ની ટીમ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કામે લાગી છે. ભા.જ.પા.ના મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમારના અધ્યક્ષ સ્થાને આજ રોજ ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, ઉધના ખાતે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, કેબિનેટ મંત્રી શ્રી ગણપતભાઈ વસાવા, મંત્રી શ્રી મંગુભાઈ પટેલ, મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી, દંડક શ્રી અજયભાઈ ચોકસી, સંસદિય સચિવ શ્રી પૂર્ણેશભાઈ મોદી, સાંસદ શ્રી સી.આર. પાટીલ ઉપરાંત સુરત, નવસારી, વલસાડ, ડાંગ, તાપી, નર્મદા, ભરૂચ જીલ્લા પ્રભારીશ્રીઓ, પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ સહિતના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.